NATIONAL SENIOR CERTIFICATE EXAMINATION
NOVEMBER 2008

# GUJARATI HOME LANGUAGE: PAPER II

Time: 2½ hours | 80 marks

---

**PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY**

1. This paper consists of 5 pages. Please check that your question paper is complete.
2. Read the questions carefully.
3. Number your answers exactly as the questions are numbered.
4. In your own interest write legibly and present your work neatly.

---

IEB Copyright © 2008 

પ્રશ્ન-૧ નીચે આપેલા પદ્યમાંથી કોઈ પણ **બે** પદ્યને તમારા શબ્દોમા આઠ થી દસ વાક્યોમાં સમજાવો. [20]

૧.૧ ના પાડી છે તમ તરફ કૈં ફેંકવા માળીને જો, [8]
ખુલ્લું મારું ઉપવન સદા પંખીડા સર્વને છે;
રે રે તોયે કુદરતી મળી ટેવ બીવા જનોથી,
છો બીતા તો, મુજથી પણ સૌ ક્ષેમ તેમાં જ માની,
રે પંખીડા ! સુખથી ચણ જો, ગીતવા કાંઇ ગાજો;
શાને અવાં, મુજથી ડરીને, ખેલ છોડી ઊડો છો ?

૧.૨ ઊંટ કહે, આ સમામાં [8]
વાંકાં અંગવાળાં ભુંડા,
ભૂતળમાં પશુઓ ને
પક્ષીઓ અપાર છે.
બગલાની ડોક વાંકી,
પોપટની ચાંચ વાંકી
કુતરાંની પૂંછડીનો
વાંકો વિસ્તાર છે.
સાંભળી શિયાળ બોલ્યો,
દાખે દલપતરામ,
અન્યનું તો એક વાંકુ,
આપના અઢાર છે !

૧.૩ રાવણ સરખો રાજિયો, જેની મંદોદરી રાણી;
દસ મસ્તક છેદાઈ ગયા, બધી લંકા લૂંટાણી. [8]

હરિશચંદ્ર રાય સતવાદિયો, તારા લોચની રાણી;
તેને વિપત્તિ બહુ પડી, ભર્યા નીચ ઘરે પાણી.

સર્વ દેવને જયારે ભીસ પડી, સમર્યા અંતરજામી;
ભાવટ ભાંગી ભૂધરે, મહેતા નરસૈંયાના સ્વામી.

૧.૪ નીચે આપેલા શબ્દોના સામાનાર્થી લખો. [1½]

૧. શરીર ૨. ઉપવન ૩. વિપત્તિ

૧.૫ નીચે આપેલા શબ્દોની લિંગ બદલો. [1½]

૧. રાણી ૨. દેવ ૩. કૂતરો

૧.૬ સુખદુઃખ મનમાં ન આણીએ કવિતાના ભકત કવિ _________ છે. [1]

પ્રશ્ન ૨/Q. 2

IEB Copyright © 2008

પ્રશ્ન–૨ નીચે આપેલા કાવ્યની સમજૂતી તમારા શબ્દોમાં વર્ણવો. (આંઠથી દશ વાંક્યો) [10]

પરોઢિયે પંખી જાગીને, ગાતાં મીઠાં તારાં ગાનં;
પરોઢિયે મંદિર–મસ્જિદમાં, ધરતા લોકો તારું ધ્યાન.

તું ધરતીમાં, તું છે નભમાં, સાગર મહિં વસે છે તું;
ચાંદા–સૂરજમાંયે તું છે, ફૂલો મહીં હસે છે તું.

હરતાં–ફરતાં કે નીંદરમાં, રાતે–દિવસે, સાંજ–સવારં;
તારો અમને સાથ સદાયે, તું છે સૌનો રક્ષણહાર,

દેવ, બનાવી દુનિયા છે તેં, તારો છે સૌને આધારં;
તું છે સૌનો, સૌ તારાં છે, નમીએ તુજને વારંવાર!

અઘરાં શબ્દો:

નભ = આકાશ  પરોઢિયે = વહેલી સવારે
નીંદર = ઊંઘ રક્ષણહાર = રક્ષણ કરનાર

પ્રશ્ન–૩ (ભગવાનની નિર્ધનતા ઉપન્યાસમાંથી)

૩.૧ રંકા–વંકાનું પાત્ર લેખન તમારા શબ્દોમાં કરો. [10]

૩.૨ નીચેના વાક્યો કોણ બોલે છે, કોને કહે છે અને ક્યારે કહે છે તે લખો. [6]

૩.૨.૧ 'વાહ રે! ધૂળને તે વળી ધૂળ વડે ઢાંકવાની હોય?' [3]

૩.૨.૨ 'મુનિ આજ કંઈ રોષમાં હો એમ જણાઓ છો! [3]

૩.૩ ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો. [2]

૩.૩.૧ ભગવાને રંકાવંકાના માર્ગમાં _________ થી ભરેલી એક થેલી મૂકી. [1]

૩.૩.૨ રંકા _________નો ધંધો કરતો હતો. [1]

પ્રશ્ન ૪/Q. 4

પ્રશ્ન–૪

૪.૧ નીચે આપેલા શબ્દોમાં વિરોધી શબ્દો લખો. [2]

૪.૧.૧ સ્વર્ગ ૪.૧.૨ ધર્મ
૪.૧.૩ ઉદય ૪.૧.૪ પતિ

૪.૨ નીચે આપેલા શબ્દો માટે એક શબ્દ લખો. [2]
(કોઈપણ બે)

૪.૨.૧ બીજા દેશની વસ્તુ
૪.૨.૨ જયાં પુસ્તકો રાખવામાં આવે તે
૪.૨.૩ માંસ માછલી ખાનાર

૪.૩ નીચે આપેલા રૂઢિપ્રયોગોનો સાચો અર્થ લખો
(કોઇ પણ બે) [3]

૪.૩.૧ ખુશીનો પાર ન હોવો
૪.૩.૨ ગળે પડવુ
૪.૩.૩ કાચા કાનનું હોવું

પ્રશ્ન–૫ (વીરભામાશા નાટક પરથી)

૫.૧ ભામાશાની દેશભક્તિ વિશે નોંધ લખો. [10]

૫.૨ ઉદાએ ભામાશાને કઇ ગુપ્ત વાત કરી ? [2]

૫.૩ નીચેના વાકયો પૂર્વાપર સંબંધ આપી સમજાવો.

(પૂર્વાપર = કોણ બોલે છે, કોને કહે છે, અને કયારે કહે છે, અથવા શા માટે કહે છે)

"તક મળશે તો ફરી આવશું અને તને બંધન મુકત કરીશું" [3]

પ્રશ્ન–૬ વ્યાકરણ [10]

૬.૧ નીચેના રૂઢિપ્રયોગો તમારા વાકયમાં લખો [3]

૬.૧.૧ ઊગતા સૂરજને પૂજવો

૬.૧.૨ પાપનું પોટલું બાંધવું

પ્રશ્ન ૬.૨/Q. 6.2

૬.૨ નીચેની ખાલી જગ્યાના યોગ્ય સર્વનામ મુકો [2]

૬.૨.૧ જે ભૂમિમા વીર આત્માઓ પાકે છે _______

ભૂમિ કદી કોઇને તાબે થવાની નથી.

૬.૨.૨ તમારે મહેશભાઇનું ________ કામ છે ?

૬.૩ નિચેના વાકયોમા ક્રિયાપદનું ભવિષ્યકાળનુ યોગ્ય રૂપ. [2]

૬.૩.૧ મેવાડને સ્વતંત્ર ન કરું ત્યાં સુધી હું પલંગે

______________ (સૂવુ નહિ)

૬.૩.૨ આવતા વીકે અમે જરૂર મંદિરે _________ (જવું)

૬.૪ નિચેના વાકયોમાથી સંજ્ઞા શોધી લખો. [2]

૬.૪.૧એમણે મેવાડની મુકિતનો સંગ્રામ બમણા જોરથી શરૂ કર્યો.

૬.૪.૨સૈનિકોને ખવરાવવા મુઠી અન્ન નથી

૬.૫ નિચેના શબ્દોની લિંગ બદલો. [1]

૬.૫.૧ બાદશાહ

૬.૫.૨ ઘોડો

IEB Copyright © 2008